જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૩/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૧૨૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૧૫ બિયર, ૦૧ મોટર સાયકલ, ૦૧ કાર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૬૨૭/૧૭**

**આનંદનગર** : દિલીપભાઈ લહેરચંન્દ્ર શાહ (ઉ.વ.૫૮)(રહે,આર્શીવાદ બંગ્લોઝ, પ્રહલાદનગર ગાર્ડન પાસે આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૩/૧૭ ના કલાક ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે સેલ્સમેન તરીકેની ઓળખ આપી, દિલીપભાઇના ઘરે બે અજાણ્યા ઇસમો (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) આવી, દિલીપભાઇને વિશ્વાસમાં લઇ, દાગીના ચળકાવવાનું કહી, ડાયમંડના પાટલા નંગ-૨ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- તથા ત્રણ વીંટીઓ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦/- મતાની યુક્તિપ્રયુક્તી કરી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી દાગીના લઈ બન્ને પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૨૮/૧૭**

**ખોખરા** : નીષીલભાઇ પ્રમોદભાઇ ગર્ગ (રહે,આર્યવ્રત વિ-૨, ઔડા ગાર્ડન પાસે, પ્રહલાદનગર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૩/૧૭ સાંજનાં ૬/૩૦ થી તા.૨૪/૩/૧૭ નાં કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન બરોડા એક્ષપ્રેસની સામે રામદેવ એસ્ટેટના ખાંચામાં, સુર્યા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ શેડ નં.૭ માં ફેક્ટરીની દિવાલ કુદી, અજાણી વ્યક્તિ ફેક્ટરીમાં પ્રવેશ કરી, રૂમનું તાળું તોડી રૂમમાંથી ટીનોમોલ પ્રોડક્ટના કેમીકલ(પાવડર) ૨૫-૨૫ કિ.ગ્રા.ના બે બોક્સ મળી કુલ-૫૦ કિ.ગ્રા કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જે.વાળા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૨૯/૧૭**

**શાહીબાગ** : રાજીવભાઇ ચીનુભાઇ જૈન (ઉ.વ.૬૨)(રહે,ચીનુભાઇ ચીમનભાઇનો બંગલો, શાહીબાગ) એ તા.૨૫/૩/૧૭ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે ત્રણ માસ અગાઉ કોઇપણ સમયે પોતાના ઘરમાં ઘરઘાટી તરીકે કામ કરતાં આરોપી (૧)અરજણજી તલાજી ઠાકોર (રહે, ગામ.કોઠાપુરા તા.બેચરાજી જી.મહેસાણા) (૨)ગોપાલભાઇ સોમાભાઇ બારીયા (૩)રેવાબેન ગોપાલભાઇ બારીયા (બંને રહે, હાંસોલ સરદારનગર) ભેગામળી રાજીવભાઇનાં ઘરમાંથી ચાંદીના વાસણો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

**નરોડા** : રજનીકાંત બબલુભાઇ શાહ (ઉ.વ.૬૦)(રહે.આનંદનગર સોસાયટી, અખબારનગર નવા વાડજ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૩/૧૭ રાતના ૯/૦૦ થી તા.૨૫/૩/૧૭ ના કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા ગામ, દેવ કોમ્પલેક્ષ અજની સિલેકશન નામની પોતાની દુકાનનાં મેઇન દરવાજાની બાજુનું શટર ખોલી, જેની અંદરની સાઇડનો કાચ તોડી, બે અજાણી વ્યક્તિ દુકાનમાંથી રૂપીયા ૬૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વટવા** : નદીમભાઇ શોકતઅલી ચૌધરી (રહે,ગામ-સિખરેડા પોસ્ટ-ન્યુ મંડી જી.મુજફ્ફરનગર મેરઠ જિલ્લાની બાજુમાં, ઉત્તર પ્રદેશ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૩/૧૭ ના કલાક ૬/૦૦ વાગ્યાનાં સુમારે વટવા એસ.પી.રીંગ રોડ પાસે આવેલ પેટ્રોલ પંપ આગળ સર્વિસ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ટ્રકની તાડપત્રી કાપી, અજાણી વ્યક્તિ ટ્રકમાંથી સંતુર સાબુનાં આશરે ૧૨૦ બોક્ષ કિંમત રૂપિયા ૨,૧૧,૬૮૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)